જન્મદિને વધામણી

વનરાજ રાઠોડ

મનિષા ટી શાહ
ખજાનચી, જૈન સોશ્યલ ગ્રૂપ

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૧
ફેન
૬.૧૫, ૯.૩૦
સ્ક્રીન-૨
ફેન
૧૨.૩૦, ૩.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
સ્ક્રીન-૩
ફેન
૨.૩૦, ૧૦.૧૫
સ્ક્રીન-૩
જંગલ બૂક (ડી હિન્દી)
૧૨.૧૫, ૮.૦૦
જંગલ બૂક (ડી અંગ્રેજી)
૫.૪૫
સ્ક્રીન-૪
કિ ઍન્ડ કા
૭.૦૦
ફેન
૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
સ્ક્રીન-૫
ફેન
૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
સ્ક્રીન-૬
ફેન
૮.૦૦
કિ ઍન્ડ કા
સવારે ૧૦.૦૦

ગાંધીનગર શહેરના સર્જનશીલ યુવાનોએ શૉર્ટ ફિલ્મ રિલીઝ કરી



ગાંધીનગર, તા. ૧૫

સોશ્યલ મીડિયા પર જેની છેલ્લા એક માસથી રાહ જોવાઈ રહી હતી તે શૉર્ટ ફિલ્મ 'ફોરસીન' આજે રામનવમી નિમિત્તે રિલીઝ કરવામાં આવી છે. આ ફિલ્મ ગાંધીનગર શહેરના યુવાનો દ્વારા તૈયાર કરવામાં આવી છે.

યુ ટ્યુબ પર ખૂબ ચાલેલા, વખણાયેલા 'યારી સૉન્ગ', પ્રથમ વખત સ્મશાનમાંથી લૉન્ચ થયેલા ગીત 'ઓ રે પિયા', તાજેતરમાં જ રિલીઝ થયેલા રિમીક્સ ગીત 'ક્યા હુઆ તેરા વાદા'ના સર્જનમાં શહેરના જે યુવાનોનું નામ સંકળાયેલું છે એ જ યુવાનોનું નામ અહીં પણ સંકળાયેલું છે. પ્લગ-ઈન્સ ઍન્ટરટેઇનમૅન્ટ્સના બૅનર તળે દિવ્યકાન્ત વર્મા અને મેઘ મહેતાના નિર્દેશનમાં આ ફિલ્મ તૈયાર કરવામાં આવી છે.

૧૧ મિનીટ અને ૧૨ સૅકન્ડની આ ફિલ્મની કથા મેઘ મહેતાની છે, સિનેમેટોગ્રાફી ફાલ્ગુન નંદાએ કરી છે, વિઝ્યુઅલ ઈફેક્ટ દિગંત ચાનપુરા દ્વારા, બૅકગ્રાઉન્ડ સ્કોર અને સાઉન્ડ ડિઝાઈન મંદ્ર પ્રૉડક્શન્સ (અનુક્રમે પ્રિન્સ એઝેકીએલ અને રાઘવ વાઘ) દ્વારા તથા રૅકોર્ડિંગ શાંતમ રૅકોર્ડ ઇન (ઋષિકેશ મહેતા, કિશોર ઠાકોર) દ્વારા કરવામાં આવ્યું છે. લાઈન પ્રૉડક્શનની જવાબદારી કરણ રાજવીરે તો મેક-અપની જવાબદારી વિનોદ નાયીએ સંભાળી છે.

'સંપૂર્ણપણે ગાંધીનગરનું સર્જન' એવી આ ફિલ્મમાં અભિનયકર્તા તરીકે દિવ્યકાન્ત વર્મા, એમનાં માતા કલાવતીબેન વર્મા, ડૉ. અનુજા પુરોહિત, નિખિલ સોની, જિત માલી, આર્યન નાયી, વિનોદ નાયી, સુજાન અને મિથિલેશ ગઢવી, લાલભાઈ, ગંગારામભાઈ, મનિષ, ભાવસારભાઈ, સંજયસિંહ રાઠોડ, અજય પ્રજાપતિએ અભિનયનાં અજવાળાં પાથર્યાં છે. ખાસ સહાય શ્લેષા મોઢ દ્વારા પૂરી પડાઈ છે.

યુ ટ્યુબ ઉપર (PIEntertainments) આ ફિલ્મ ઉપલબ્ધ છે, જેને જોયા પછી અનેક ફિલ્મપ્રેમી, કલાપ્રેમી નગરજનોએ ગાંધીનગરના આ સર્જનશીલ યુવાનો પ્રતિ અભિનંદનની લાગણી અભિવ્યક્ત કરી છે.

કેઍસવી પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં ઈન્દ્રોડા પાર્કની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. સંયોજક મિતેષ મોદીના નેતૃત્વમાં વિદ્યાર્થીઓએ ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પાર્કની આ મુલાકાત દરમ્યાન પાર્ક વિશે વિશદ માહિતી એકત્ર કરી હતી.

વિદ્યાર્થીઓએ નોંધ્યું હતું કે રાજ્યનાં પૂર્વ રાજ્યપાલ શારદાબેન મુખર્જીના હસ્તે ૧૪-૧૨-૧૯૭૮ના રોજ આ પાર્કની સ્થાપના કરવામાં આવી હતી. પાર્ક બનાવવાનો મુખ્ય વિચાર પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો હતો.

ગીર ફાઉન્ડેશન દ્વારા ૪૨-૨-૧૯૮૨થી ઈન્દ્રોડા પાર્કનું સંચાલન કરવામાં આવે છે. આ ઉદ્યાન ઋતુઓ પ્રમાણે રંગ બદલતું વિશિષ્ટ ઉદ્યાન છે. વર્ષે ચારથી પાંચ લાખ મુલાકાતીઓ અહીં આવે છે. પાર્ક દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર પણ યોજવામાં આવે છે. અહીં બૉટનીકલ ગાર્ડન, વનસ્પતિ ઉદ્યાન, ડાયનાસોર પાર્ક, સરિસૃપ ઉદ્યાન, વિશાળ પક્ષી ગૃહ, મગર ઉછેર કેન્દ્ર તેમજ તૃણાહારી ને અન્ય પ્રાણીઓનું સંગ્રહાલય પણ છે.

અહીં કુદરતી રીતે આવેલાં વન્ય પ્રાણીઓમાં દીપડા, શિયાળ અને ઝરખનો સમાવેશ થાય છે અને ૧૮૫ જાતનાં પક્ષીઓ અહીં આવ-જા કરે છે, એટલું જ નહીં પરંતુ શહેરની આસપાસ કોઈ પ્રાણી કે પક્ષી ઘવાય તો પાર્કમાં કાર્યરત અદ્યતન હૉસ્પિટલમાં તેને સારવાર પણ આપવામાં આવે છે.

છૂઆછૂતની બેડીઓ તોડવા માટે મારો અવિરત યજ્ઞ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

અમદાવાદ,૧૫

ધોળકા વિસ્તારમાં ૩૬ વર્ષ સુધી સામાજિક ચેતનાને જીવંત કરી સમરસતાને રેખાકિત કરતા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા લિખિત પુસ્તક 'સમરસતાનો મારો પ્રયાસ'નું આજે અમદાવાદ ખાતે રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ વિમોચન કર્યું હતું.

તેમણે જણાવ્યું કે, પોતાના અહર્નિશ તપ દ્વારા અને સાચા અને સંનિષ્ઠ પ્રયાસથી વિરોધીઓમાં પણ વિશ્વસનીયતા સંપાદિત કરવી તે સાચી સંવેદના અને સાચી સમરસતા છે.

૩૬ વર્ષની અવિરત સાધનાથી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ વિરોધી સૂરને પણ અનુકૂળ સૂરમાં બદલવામાં સફળતા મેળવી છે તે અર્થમાં આ પુસ્તક સફળતાની ગાથા વર્ણવતું પુસ્તક છે. લેખકે નાના-નાના પ્રસંગોના આલેખન દ્વારા સામાજિક સંવેદનાના તાણાં-વાણાંને કેવી રીતે મજબૂત બનાવી શકાય તેની પ્રેરણા આ પુસ્તકમાંથી મળે છે તેમ જણાવ્યું હતું.

બંધારણીય ઉપાયો દ્વારા સમાજમાં સમરસતાનું સ્થાપન કરવા કરતાં પ્રેમ-સંવેદના દ્વારા અન્યોનાં હૃદયમાં સ્થાન મેળવવાથી આપોઆપ સમરસતા કેળવાય છે. એક ભારત-નેક ભારતની ભાવના પણ તેના દ્વારા નિષ્પન્ન થાય છે તેની ભૂમિકા રાજ્યપાલશ્રીએ આપી હતી.

રાજ્યપાલશ્રીએ સામાજિક સમરસતાને બળવત્તર કરતું અને રસભીનું આલેખન ધરાવતુ આવું પુસ્તક લખવામાં માટે શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને અભિનંદન આપ્યાં હતાં.

પુસ્તકનાં લેખક અને શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પોતાની હૃદય ઉર્મિઓ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, સમાજિક સમરસતા એ મત સાથે નહીં પણ પોતાના મન સાથે જોડાયેલું પણ છે. યુગાંતરથી છુઆછૂત-અસ્પૃશ્યતાની બેડીઓ તોડવાં માટેનો મારો આ છેલ્લાં ૩૬ વર્ષથી ચાલતો અવિરત યજ્ઞ છે.

૧૯૮૦ની સાલમાં જ્યારે દલિતવાસમાં પ્રથમવાર ગયો ત્યારે મને આવકાર મળ્યો નહીં પરંતુ ત્રણ વર્ષ બાદ મને દલિતો દ્વારા આવકાર મળ્યો હતો તેમ પોતાની નિખાલસતા વ્યકત કરતાં તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દલિત કન્યા રીટાના હસ્તે દિપ પ્રજ્વલન કરી અનોખી રીતે સમરસતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ રજૂ થયું હતું.

તપસ ફાઉન્ડેશન અને દિનદયાલ સમૂત્કર્ષ સંસ્થાન દ્વારા આયોજિત પુસ્તક વિમોચનમાં આ અવસરે સાંસદ શ્રી શંભુપ્રસાદ ટૂંડિયા, વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઈ પરમાર, મંત્રી શ્રી રમણલાલ વોરા, મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સામાજિક સમરસતા વિશે પ્રકાશ પાડતાં વક્તવ્યો આપ્યાં હતાં.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલનાં શુભેચ્છા સંદેશ પણ આ તકે વાંચી સંભળાવવામાં આવ્યાં હતાં.

'યજ્ઞ અવિરત ચલ' થીમ પરની સામાજિક સમરસતા વિશેની ડોકયુમેન્ટરીની પણ આ પ્રસંગે પ્રસ્તુતિ કવરામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી ભાગ્યેશભાઈ જહાએ તથા આભારવિધિ દિનદયાળ સમૃત્કર્ષ સંસ્થાનનાં અધ્યક્ષશ્રી રસીકભાઈ ખમારે કરી હતી.

આ પુસ્તક વિમોચન પ્રસંગે સાંસદ શ્રી ડૉ.કિરીટ સોલંકી, મંત્રીશ્રીઓ સર્વશ્રી નીતિનભાઈ પટેલ, નાનુભાઈ વાનાણી, રજનીભાઈ પટેલ, જયદ્રથસિંહ પરમાર, બાબુભાઈ બોખિરિયા મંત્રી શ્રી વસુબેન ત્રિવેદી, મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી શંકરભાઈ ચૌધરી, અમદાવાદના ધારાસભ્યો, હોદ્દેદાર-પદાધિકારીઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ભરત ત્રિવેદીના કાવ્યસંગ્રહના વિમોચન ટાણે કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૧૫

અમેરિકા સ્થિત કવિ ભરત ત્રિવેદીના કાવ્યસંગ્રહ 'ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ'ના વિમોચન નિમિત્તે અમદાવાદ ખાતે ભવ્ય કવિ સંમેલનનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

કાવ્યસંગ્રહનું વિમોચન ડૉ. સુમન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. ચિનુ મોદી અને ડૉ. જગદીશ ગુર્જરે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. નાટ્ય દિગ્દર્શક અને કલાકાર નિમેષ દેસાઈએ ભરત ત્રિવેદીનાં કાવ્યોનું પઠન કર્યું હતું.

કવિ સંમેલનમાં કવિ ચિનુ મોદી, યોગેશ જોષી, મનિષ પાઠક 'શ્વેત', ઉષા ઉપાધ્યાય, વિવેક કાણે, ભરત ભટ્ટ 'પવન', ડૉ. જગદીશ ગૂર્જર, અશોક ચાવડા, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, હરદ્વાર ગોસ્વામી અને ભરત ત્રિવેદીએ પોતાની કવિતાઓનું પઠન કર્યું હતું.

આ દિવસ પણ આવશે ન્હોતી ખબર,
મૃગજળો પણ ચાલશે ન્હોતી ખબર
- મનિષ પાઠક 'શ્વેત'

તારી આંખો, તારા આંસુ, મારે હૈયે કાં ચોમાસું,
માધુરીના મૌન વચાળે, ચારે પા બિપાશા બાસુ
- હરદ્વાર ગોસ્વામી

અધીરો છે ઈશ્વર તને બધુંયે આપવા માટે,
તું ચમચી લઈને ઊભો છે દરિયો માગવા માટે
- અનિલ ચાવડા

વેશ બદલી રોજ આવે દુર્દશા, રોજ રંગે હાથ પકડાતી રહી
- ભાવેશ ભટ્ટ

દિશા કે લક્ષ્ય કે ઉદ્દેશ, છોડ ઉંદરડા,
બધાંય દોડે છે અહીં, તુંય દોડ ઉંદરડા
- વિવેક કાણે 'સહજ'

ઊંટની પીઠ પર લદાયેલું આકાશ
અને મશકમાં ભરેલી નદીને રણમાં માણવાની મજા
- ઉષા ઉપાધ્યાય

નદીને આમ પાસેથી છો ભીનેવાન પ્હેરે છે
ચલિત ના થાય એ રીતે પહાડો ધ્યાન પહેરે છે
- અશોક ચાવડા 'બેદિલ'

નાનો ગોળો ચાલુ રાખી ઊંઘી જજો, અંધારામાં સપનાઓ અટવાયા કરશે.
- ભરત ભટ્ટ 'પવન'

પરમને શરણે જઈએ ત્યારે સાચું અમૃતપાન થાય



ન વૈ દેવાઃ અશ્નાતિ, ન પિબન્ત્યત
દેવામૃતમ્ દ્રષ્ટવા તુષ્યન્તિ

'આ દેવો ન તો ભોજન કરે છે, ન તો પાણી પીવે છે. દેવોનું અમૃત જોઈને જ તૃપ્ત થાય છે.'

'છાંદોગ્ય ઉપનિષદ'નો આ મંત્ર છે. ઉપનિષદોના મંત્રોમાં જ્ઞાન ગૂઢ ભાષામાં છૂપાયેલું હોય છે. જો સદગુરુના સમિપે બેસી ગૂઢ મંત્રોનો અભ્યાસ કરાય તો જ આંતરમનમાં પ્રકાશ ફેલાય. સદ્ગ્રંથોનો આશ્રય લઈને પણ આ મંત્રની વ્યાપક ગૂઢતાને સ્પર્શવાનો પ્રયાસ કર્યો છે. આ મંત્રમાં પ્રયોજાયેલા શબ્દ 'વૈ દેવા' છે, મતલબ કે આ દેવો. આ દેવો એટલે કયા દેવો? તથા 'દેવોનું અમૃત'નો શો અર્થ થાય? તે માટે વિવિધ મંતવ્યો પ્રગટ થયાં છે. વૈદિક સાહિત્યમાં 'આ' શબ્દ સામીપ્ય દર્શાવે છે, તો 'તે' શબ્દ 'દૂરનું અગોચર તત્ત્વ' તેવો નિર્દેશ કરે છે. 'આ' એટલે સમીપનું વિશ્વ અથવા તો આપણો દેહ અને તેની સાથે જોડાયેલો આત્મા. આમ 'આ' શબ્દમાં ત્રણ પદાર્થોનો સમાવેશ થાય છે. 'તે' પરમાત્મા માટે જ વપરાય છે. 'આ દેવો' એટલે વિશ્વ સાથે જોડાયેલા દેવો કે દેહમાં વ્યાપ્ત દેવો તે સમજવું પડે. 'દેવોનું અમૃત' શબ્દ પણ વિચારણીય છે.

આ તો પુરાણ કથા છે. ઉપનિષદને આવી કથાવાર્તા સાથે સંબંધ નથી. તેમાં આકાશી કે કાલ્પનિક દેવોની વાત આવતી નથી. 'વેદ'માં ઉલ્લેખાયેલા તેત્રીસ દેવોનો પણ આમાં સમાવેશ થતો નથી. પરિણામે આપણા દેહમાં સમાવિષ્ટ દેવો વિષયક આ ઉલ્લેખ છે, તેમ માનવું પડે. આપણું શરીર જ દેવોનું સ્થાનક છે, તેને મંદિર પણ કહી શકાય. એને તો તીર્થસ્થાન પણ ગણાય. જેમ વિશ્વ ભગવાનનું રૂપાળું મંદિર છે તેમ આ દેહ પણ છે.

ઐતરેય ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે સૃષ્ટિના સર્જન સમયે પરમાત્માએ લોકપાલોનું સર્જન કર્યું હતું. તેઓના આવાસનો પ્રશ્ન થયો. ત્યારે આ માનવદેહનું ઘડતર કરવામાં આવ્યું. પરમાત્માએ તે દેવોનો માનવદેહના વિવિધ અંગોને પોતાનું નિવાસસ્થાન બનાવવા જણાવ્યું. તે પ્રમાણે સૂર્ય નેત્રમાં પ્રવેશ્યો, અગ્નિ જીભમાં, વાયુ નાકમાં, દિશાઓ કાનમાં, યમદેવ અયાન વાયુમાં તો પ્રજાપતિ લિંગમાં પ્રવેશ્યા. આ દેવોનો અર્થ આપણી જ્ઞાનેન્દ્રિયોને જે કર્મવંત બનાવે છે તે ચેતના કે ઊર્જા તેવો થાય છે.

ચેતના વિનાના ઇન્દ્રિયોનાં સ્થાનકો માત્ર 'ગોલક' કહેવાય છે. મૃત્યુ સમયે આ તમામ દેવો પણ વિશ્વવ્યાપી ચેતનામાં સમાઈ જાય છે. આ ઈન્દ્રિયોના દેવો અન્ન ખાતા નથી, પાણી પીતા નથી, તેનો આહાર માત્ર અનુભવ છે. નેત્રો દશ્યમાન જગત જુએ છે, શ્રવણેન્દ્રીય વડે સંભળાય. નાક સુંઘે. આ પ્રક્રિયા જ તેનો આહાર ગણાય. જ્ઞાનેન્દ્રિયો મારફત પ્રાપ્ત અનુભવોનો ચિત્તમાં સંગ્રહ થાય છે.

'દેવોનું અમૃત' શબ્દ પણ કોયડારૂપ છે. આપણી જ્ઞાનેન્દ્રિયોને શું જોઈએ? છાંદોગ્ય ઉપનિષદમાં 'દેવોનું અમૃત' શબ્દ આદિત્ય માટે પ્રયોજાયો છે. આદિત્યને તો અંતરિક્ષમાં લટકતો ત્રાંસો મધપૂડો કહ્યો છે. તેમાંથી સતત મધ ટપકે છે. ઋષિ કદાચ પૃથ્વી ૨૩°ના ખૂણે નમેલી છે તે વાત જાણતા હશે. તેથી મધપૂડાને ત્રાંસો કહ્યો હશે. સતત ટપકતું મધ એટલે કે સૂર્યમાંથી પ્રગટ થતી ઊર્જા. આ ઊર્જાને કારણે જ વિશ્વ ચૈતન્યમય બને છે. આ ઊર્જા જ દેવોનું અમૃત છે. આપણી જ્ઞાનેન્દ્રિયમાં રહેલા દેવો સૂર્યઊર્જાના કારણે જ ચેતનવંતા બને છે. વિવિધ સમયે, સવાર-સાંજ, મધ્યાહ્ન કે સૂર્યોદય ને સૂર્યાસ્ત સમયે આ સૂર્ય પ્રકાશમાંથી જ વિવિધ વિટામીન્સ મળે છે. સૂર્યનાં કિરણોના કારણે જ સમગ્ર વિશ્વ કાર્યાન્વિત બને છે. દૈહિક દેવો - દેવોનું આ અમૃત માત્ર જોઈને જ તૃપ્ત થઈ જાય છે. પ્રકાશ ગ્રહણ કરી ચેતન પ્રાપ્ત કરે છે. પરંતુ ઋષિનો સંકેત વધારે વ્યાપક તથા ઊંડો જણાય છે. આપણે પણ જાણીએ છીએ કે સૂર્ય ઊર્જા જ વૃષ્ટિ માટે કારણભૂત છે. વૃષ્ટિને કારણે પૃથ્વી પણ રસવંતી બને છે. પૃથ્વીનો રસ ઔષધિઓ મનાય છે. ઔષધિઓનો રસ આપણો દેહ છે. વૃષ્ટિના કારણે ઉત્પન્ન થતા અન્ન વડે માણસ પોષાય છે. વેદોમાં સૂર્યને વિશ્વનો આત્મા કહ્યો છે, જે સૌને પોષે છે. એક અન્ય જગાએ સૂર્યને અન્ન ભરેલા વાસણ સાથે સરખાવવામાં આવેલ છે.

થોડું વધારે સ્થૂલ સ્વરૂપે વિચારતાં દેવ સ્વરૂપ સંતો વિષે પણ મંત્રાર્થ સંકેત કરે છે. સંતો લોક કલ્યાણ માટે જ યજ્ઞ પ્રસાદી સ્વરૂપ અન્ન લે છે.

દેવોનું અમૃત એટલે પરમતત્ત્વ વિષયક જ્ઞાન એવો અર્થ પણ થાય. આપણી ઈન્દ્રિયો વિષયભોગ તરફથી પાછી ફરી પરમને શરણે જ્યારે જાય છે ત્યારે સાચું અમૃતપાન થાય છે. સકામી પુરુષોની ઈન્દ્રિયો વિષયમાં રાચી વિષપાન કરે છે. વિષ કરતાં પણ વિષય વધારે ભયંકર મનાય છે, તેથી આપણા આ દેહસ્થ દેવો સદા માટે દેવોના અમૃતનું જ પાન કરે તે માટે સદા જાગૃત રહેવું. પ્રાતઃકાળના સૂર્યને નમસ્કાર કરવાથી આખો દિવસ ચેતનવંત બને છે. સૂર્ય આપણા પર અમૃતવર્ષા કરતો જ રહે છે, ઝીલવાનું કાર્ય આપણું છે.

ડૉ. બાબાસાહેબની જન્મજયંતિએ શોધપત્ર વાચનનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જન્મજયંતિ નિમિત્તે શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં ચાલતા ઍસસી-ઍસટી સૅલ દ્વારા શોધપત્ર વાચનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાબાસાહેબના જીવન ઘડતર, બંધારણ ઘડતરમાં તેમનું પ્રદાન, આધુનિક ભારતીય રાજનીતિમાં તેમનું પ્રદાન, સ્ત્રી સશક્તિકરણ અંગેના તેમના વિચારો પર શોધપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. પસંદગી પામેલાં શોધપત્રોને સમાચાર પત્ર કે જનરલમાં પ્રકાશિત કરવાનું નિયત કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઍસસીઍસટી સૅલના નોડલ ઑફિસર ડૉ. હેમાંગિનીબેન ઍસ વાઘેલાએ કર્યું હતું, કાર્યક્રમને સફળ બનાવવામાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.